# ગઝલ

## – લક્ષ્મી ડોબરીયા

**.1.**

આજની આ પળને આજે, ખાળજે હળવાશથી ,
કાં ગયેલી પળને પાછી, વાળજે હળવાશથી !

કેટલું, ક્યાં બોલવું, એનો કરી અંદાઝ ને-
મૌનની શરતો બધીયે પાળજે હળવાશથી !

જો પુરાવો કે ખુલાસો હોય ના સંગીન તો ,
સાવ સાચી વાતને પણ ટાળજે હળવાશથી !

આંખ, મન કે કંઠમાં, કોરી તરસ જો તરફડે ,
તો ગઝલના લયમાં એને, ઢાળજે હળવાશથી !

ને પછી મળશે બધાયે પ્રશ્નના ઉત્તર તને,
તર્ક સાથે તથ્યને પણ, ગાળજે હળવાશથી !

**.2.**

કક્કામાં મેં અક્ષર જોયા,
ને અક્ષરમાં ઈશ્વર જોયા !

સીધા–સાદા પ્રશ્નોના પણ,
અઘરા અઘરા ઉત્તર જોયા !

ખાલીપો ભરવાના રસ્તા,
ગીત-ગઝલમાં નવતર જોયા !

સંબંધોના પરપોટા પર-
હીરા-મોતી જડતર જોયા !

સમજણનો દીવો પ્રગટાવી,
દુઃખનાં કારણ અંદર જોયાં !

### .3.

દીલથી વધાવી લે અગર થોડી-ઘણી,
તો વાતની થાશે અસર થોડી-ઘણી !

સંભાવના મેં સોળ આનાની કરી,
ને, ખીલવી છે પાનખર થોડી-ઘણી !

સાર્થક થયું પીડાનું હોવું આખરે,
એ છે તો છે, મારી કદર થોડી-ઘણી !

અંતે ખુશીએ ખુશ થઈ આપ્યું વચન,
એ આવશે અવસર ઉપર થોડી-ઘણી !

મેં વાતને વ્હેતી કરી કાગળ ઉપર,
એ પી ગઈ તરસી નજર થોડી-ઘણી !

### .4.

આમ ભરચક, આમ ખાલી !
મન તો છે જાદુની પ્યાલી !

એ હતી નવજાત તોયે,
વાત આખી રાત ચાલી !

છે સવાલો સાવ નક્કર,
પણ જવાબો છે ખયાલી !

ઘાસની લીલી સભા પર,
શ્વેત ઝાકળની છે લાલી !

સાત પગલાં મેં ભર્યાં છે ,
ખુદની દુઃખતી રગને ઝાલી !

તું ગણીત એવું ગણે કે-
મુઠ્ઠી મુદ્દલ, વ્યાજ પાલી !

કેફીયત મારી સુણીને,
આ ગઝલ પણ ફુલી-ફાલી !

.5.

ધીરતા ધારી જુઓ,
કાં પછી હારી જુઓ !

લ્યો, કલમ, કાગળ પછી,
જાત વીસ્તારી જુઓ !

ચીતરો ચૈતર અને-
ટેરવાં ઠારી જુઓ !

શુન્યની કીમ્મત થશે,
એક અવતારી જુઓ !

'કોણ છું' ?ના પ્રશ્નથી,
ખુદને પડકારી જુઓ !

એક વૈરાગી ક્ષણે,
જીવ શણગારી જુઓ !

.6.

ભાર ખાલી ક્ષણનો કાયમ હોય છે;
કાં પછી સમજણનો કાયમ હોય છે.

ટાઢ, તડકો, ઝાંઝવા ને થોરથી,
દબદબો તો રણનો કાયમ હોય છે.

કોરું મન, તરસ્યાં નયન, વહેતો સમય..
પ્રશ્ન બસ, એ ત્રણનો કાયમ હોય છે .

ચાસ ચહેરા પર સમય પાડે અને,
વાંક કાં દર્પણનો કાયમ હોય છે ?

સાવ સાચી વાત કરવી હોય..પણ,
ડર સવાયા ‘પણ’નો કાયમ હોય છે.

.7.

કાલ આખી આજ સાથે જેમ છે,
‘તું નથી; પણ છે’ના પ્રશ્નો તેમ છે.

હોંશથી પાડે છે પડઘો પાનખર,
એટલે એને મેં પુછ્યું, ‘કેમ છે ?’

પારદર્શક હોય પરપોટો છતાં,
વજ્ર જેવો મેઘ-ધનુષી વ્હેમ છે .

વૃક્ષની સંભાવના છે બીજમાં,
પારણાંનાં ગીતમાં પણ એમ છે !

તળમાં દાવાનળ, કીનારા શાંત છે,
આમ તો દરીયો કુશળ ને ક્ષેમ છે !

.8.

શું હતું ? ને શું થશે ? છે અંદર પ્રશ્નો;
મનમાં ઘુંટ્યા તો થઈ ગ્યા મંતર પ્રશ્નો !

કોઈના વરસી જવાથી ઉગશે ઉત્તર,
આશ રાખીને ઉભા છે બંજર પ્રશ્નો !

રાખે છે સાપેક્ષ થઈ સંબંધોમાં પણ,
ક્યાંક ઓછું, ક્યાંક ઝાઝું અંતર પ્રશ્નો !

ઘાટ ઘડવા રીત નોખી અજમાવે છે,
તીર, ભાલો, ટાંકણી ને ખંજર પ્રશ્નો !

જ્યાં જવાબો જીન્દગીને અજવાળું દે,
લાગવાના ત્યાં સહજ ને સુંદર પ્રશ્નો !

## .9.

સંવાદ 'હું' થી કર, પછી ઘડતર થશે !
ઘટના હશે ઝીણી; છતાં ચણતર થશે !

તું કલ્પનાને બે-ઘડી અવતાર તો,
કોરી હકીકત પર સરસ જડતર થશે !

સંદર્ભ પીડાનો હશે, જો નામમાં,
ચર્ચા થશે, ને એય પણ નવતર થશે !

જો, ભાગ્યવશ ખોટી ઠરે કારણ વગર
તો, ધારણાના કાળજે કળતર થશે !

શોધો ભલે ને દર્દનાં કારણ નવાં,
એના ઉપાયો એટલાં પડતર થશે !

## .10.

એક સવાયી ક્ષણની સાખે,
આભ ઢળે રજકણની સાખે !

એકલતાએ સાથ નીભાવ્યો,
તેં દીધેલા વ્રણની સાખે !

રેત વચાળે દરીયો ગાળે,
તડકો કાયમ રણની સાખે !

સપનું નહીં પણ એક હકીકત,
ટપકે છે આંજણની સાખે !

રહી ગઈ અંતે વાત અધુરી,
પ્રશ્ન વીનાના 'પણ'ની સાખે !

કોઈના હોવાની ઘટના,
ઉગે છે દર્પણની સાખે !

.11.

મેં સાંજ સાચવી તો ઉજળી થઈ સવારો,
ને મૌન સાચવ્યું તો થ્યા શબ્દથી પ્રહારો.

સારાં શુકન લલાટે ને હાથમાં લઈને,
આનંદને મળી; પણ પીડામાં થ્યો વધારો.

છે થોર આંગણાંમાં તો પાનખરના હૈયે,
ભીની ઉગી છે ધરપત કે આવશે બહારો.

એના સુધી જવાનો રસ્તો મને મળ્યો છે,
પ્રશ્નો બહારના; પણ અંદર કર્યો સુધારો

જ્યાં શોધવાનું છોડ્યું, ત્યાંયે મને મળી ‘હું’,
સંવાદ ને સમાધી; બન્નેનો લૈ સહારો.

.12.

ભુલોને સ્વીકારું છું !
અજવાળું વીસ્તારું છું !

તર્કની દીવાલો તોડી,
તથ્યોને ઉગારું છું !

પથ્થર સમજો કે ઈશ્વર,
હું શબ્દો અવતારું છું !

બત્રીસ કોઠે દીવા થ્યા,
તારું હોવું ધારું છું !

સુરજ ઉગે કે ડુબે,
સમભાવે સત્કારું છું !

## –લક્ષ્મી ડોબરીયા–

(લક્ષ્મીબહેનની આવી જ મધુર ગઝલો માણવા અને એમનો સ–તસ્વીર પરીચય પામવા,
તા. ૨૩/૧૨/૨૦૦૭ની ૧૩૩મી 'સન્ડે ઈ–મહેફીલ'ની આ
http://gujaratilexicon.com/magazine/sundayemahefil/
લીંકના પાન ૩૦ પરથી તે ડાઉનલોડ કરવા વીનંતી છે.)

### સમ્પર્ક :


'સમન્વય'
૯, નહેરુનગર સોસાયટી,
નાના મવા રોડ, રાજકોટ – 360 004
મોબાઈલ : 96875 19952
Email: laxmi_samanvay@yahoo.in



'સન્ડે ઈ-મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com) નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષઃ આઠમું – અંક : 268 – April 21, 2013

'ઊંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકનઃ શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com


@@@@@


More than 2,05,50,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 18,30,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 4,50,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com


@@@@@@@@@